જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૩/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૬૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૧ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી, ૩૯૫ લીટર દેશી દારૂ, ૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૮,૨૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૩૬૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૩૬૬/૨૦૨૬**

નારોલઃ હરેશભાઇ ગોવિંદભાઇ ચાવડા (ઉ.વ.૪૨) (રહે. મુદ્દલ પાર્ક સોસાયટી મોની હોટલ પાસે ઇસનપુર–નારોલ હાઇ–વે નારોલ) એ તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૮/૨૦૨૪ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અક્ષય જયંતીભાઇ પ્રજાપતિ તથા (૨) જયંતીભાઇ પ્રજાપતિ (બંન્ને રહે. પ્રજભુમી ટેનામેન્ટ જેઠાભાઇની વાવ સામે ઇસનપુર–નારોલ) એ ભેગા મળી હરેશભાઇ ચાવડા નાઓને હ્યુન્ડાઇ કંપનીની ક્રેટા ગાડી નંબર જીજે ૨૭ ઇઈ ૩૨૨૨ વેચાણ કિમત રૂપિયા ૧૩,૦૦,૦૦૦/– નક્કી કરી હરેશભાઈ ચાવડા પાસેથી રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– મેળવી લઇ કાર વેચાણ આપી હતી. બાકી નિકળતા રૂપિયા ૩,૦૦,૦૦૦/–, હરેશભાઇ ચાવડાના નામે કાર ટ્રાન્સફર થાય ત્યારે ચુકવાનું જણાવેલ ત્યારબાદ આરોપી જયંતીભાઇએ કાર પોલીસમાં જમા કરાવવાની છે તેમ કહી પરત લઇ જઇ હરેશભાઇ ચાવડાનાઓને કાર પરત નહી આપી તેમજ આપેલ રૂપિયા ૧૦,૦૦,૦૦૦/– પરત નહી આપી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.શેરસીયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૩૬૭/૨૦૨૬**

સરદારનગરઃ રેવીબહેન વા/ઓ હસમુખભાઈ પઢિયાર (ઉ.વ.૪૫) (રહે. ચામુંડાની ચાલી નરોડા રેલવે સ્ટેશન પાસે નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૩/૨૦૨૬ સવારના ૧૧/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને નરોડા પ્રમુખ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૦૧/૧૮ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિવ્યરાજસિંહ નરેંદ્રસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી